# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-05-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ધોરણ 12 પરિણામ-કચ્છનું સામાન્ય પ્રવાહ 93.07 ટકા:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-12નું પરિણામ જાહેર કરાયું છે. રાજ્યમાં રાજકોટ જિલ્લાનું ગોંડલ વિજ્ઞાન પ્રવાહમાં સૌથી વધુ 96.60 ટકા પરિણામ ધરાવતું કેન્દ્ર બન્યું છે, જ્યારે સૌથી વધુ 92.91 ટકા પરિણામ ધરાવતો જિલ્લો મોરબી છે. સામાન્ય પ્રવાહમાં છ કેન્દ્રોનું 100 ટકા પરિણામ આવ્યું છે. જ્યારે બનાસકાંઠા સૌથી વધુ 97.20 ટકા પરિણામ ધરાવતો જિલ્લો બન્યો છે. વિજ્ઞાન પ્રવાહમાં રાજ્યમાં કુલ 831 અને સામાન્ય પ્રવાહમાં 5 હજાર 660 વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે.

સામાન્ય પ્રવાહમાં કચ્છ જિલ્લાનું પરિણામ 93.07 ટકા અને વિજ્ઞાન પ્રવાહનું પરિણામ 83.51 ટકા જાહેર થયુ છે. આ વખતે સામાન્ય પ્રવાહમાં 150 બાળકોએ એ વન ગ્રેડ મેળવ્યું છે અને વિજ્ઞાન પ્રવાહમાં 17 વિદ્યાર્થીઓ એ વન ગ્રેડ મેળવવામાં સફળ થયા છે.

સાંભળીએ એક વિશેષ અહેવાલ

---

## કોસ્ટલ વિસ્તારમાં 3 શંકાસ્પદ પેકેટ મળ્યા:

નલિયા મરીન કમાન્ડોની ટીમ પીંગ્લેશ્વર બીચથી યક્ષ મંદિર કોસ્ટલ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમિયાન 3 કેફી પદાર્થના પેકેટ મળી આવ્યા હતા. પિંગલેશ્વરથી સિંધોડી તરફ જતા દરિયા કિનારે પાણીમાં તણાઈને આવેલા આ પેકેટ ગુલાબી કલરના છે અને તેની વચ્ચે લાલ પટ્ટી છે. આ શંકાસ્પદ પેકેટને વધુ તપાસ માટે જખૌ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવામાં આવ્યા છે.

---

## કચ્છમાં કરા સાથે વરસાદ:

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી વરસાદની આગાહી અનુસાર કચ્છમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. જિલ્લામાં કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે તોફાની પવન ફૂંકાઇ રહ્યો છે તો કેટલાક સ્થળોએ સામાન્ય વાતાવરણ છે. રાપર તાલુકાના બેલા ગામના અમારા સમાચાર મિત્ર દલાભાઇ રૂપાણી જણાવે છે કે અત્યારે ખડીર પંથકના કેટલાક સ્થળોએ તોફાની પવન સાથે કરા પડી રહ્યા છે. બેલા, બાલાપર, જાટાવાડા, વ્રજવાણી, આણંદપુર સહિતના ગામોમાં કરા સાથે કમોસમી વરસાદ પડ્યો છે.

કમોસમી વરસાદથી ખેતીને ભારે નુકસાન થવાની ચિંતા ખેડૂતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. વાતાવરણમાં પલટાની અસર હેઠળ અરબસાગરમાં કરંટ જોવા મળી રહ્યો છે, જેને લઇને માછીમારી બોટો સાગરકાંઠે પરત આવી ગઇ છે અને દરિયાકાંઠાના ગામોમાં સુસવાટા સાથે પવન ફુંકાઇ રહ્યો છે.  તમામ બોટોને કોટેશ્વર જેટી પર વ્યવસ્થિત લાંગરવામાં આવી છે.

---

## ગાંધીધામ 6 નવા ટ્રાફિક પોલીસ બુથ:

ગાંધીધામમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે આજે મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સરહદી રેન્જ ભુજના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા અને  પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ ગાંધીધામમાં 6 નવા ટ્રાફિક પોલીસ બુથ શરૂ કરવામાં આવ્યા છે. દરેક બુથ માઈક સિસ્ટમ અને LED ડિસ્પ્લે સિસ્ટમથી સુસજ્જિત છે. આ સુવિધાઓ ટ્રાફિકનું નિયમન કરવામાં અને લોકોમાં ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ લાવવામાં મદદરૂપ થશે.

---